## રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ માટે રચવામાં આવેલી પ્રદર્શન સમિતિની તારીખ ૨૨ ડિસેમ્બર ૨૦૧૫ ના રોજ પ્રસાર શિક્ષણ ભવન ખાતે મળેલી પ્રથમ બેઠકની કાર્યનોંધ તેમજ સ્ટોલ અને થીમ ચાર્ટની ફાળવણી

રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૫ માટે વિસ્તરણ શિક્ષણ નિયામકના કાર્યાલય આદેશ જા.નં.આ.કૃ.યુ./વિશિનિ/રવિ કૃ.મ. ૨૦૧૫/૩૭૫૫/૨૦૧૫ તા.૧૧/૧૨/૨૦૧૫ થી પ્રદર્શન સમિતિની રચના કરવામાં આવેલી છે. આ સમિતિએ કૃષિ અને સંલગ્ન પ્રદર્શન સમિતિની ગોઠવણ, આયોજન અને સંચાલનની સમગ્ર કામગીરી યુનિવર્સિટીના તેમજ સ્વૈચ્છિક, સરકારી, સહકારી સંસ્થાઓ સાથે પત્રવ્યવહાર કરી સ્ટોલનું આયોજન કરવાનું રહે છે તે અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી. ત્યાર બાદ મુદ્દાસર ચર્ચા કરી નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

૧. ઉપરોક્ત કાર્યનોંધ આદેશના અનુસંધાનમાં તારીખ ૩૧-૧૨-૨૦૧૫ થી ૪-૦૧-૨૦૧૬ દરમિયાન તાલુકા મથકોએ પ્રદર્શન ગોઠવી માર્ગદર્શન આપવાનું રહે છે. તેથી વિસ્તરણ શિક્ષણ નિયામકના કાર્યાલય આદેશ જા.નં.આ.કૃ.યુ./વિશિનિ/રવિ કૃ.મ. ૨૦૧૫/૩૭૬૧/૨૦૧૫ તા.૧૨/૧૨/૨૦૧૫ થી જિલ્લા નોડલ વૈજ્ઞાનિકશ્રીઓને જરૂરી સૂચનાઓ આપી છે. આ સંદર્ભમાં નિયામકશ્રી, પ્રસાર શિક્ષણ ભવન દ્વારા દરેક જિલ્લા નોડલ વૈજ્ઞાનિકશ્રીઓ સાથે તાલુકા કક્ષાએ પ્રદર્શન કરવાના થતાં ચાર્ટ અંગે ચર્ચા કરવામાં આવી. જેમાં દરેક જિલ્લા પાસે પૂરતા અને જરૂરી પ્રમાણમાં રોલઅપ ચાર્ટ લભ્ય છે. તેમજ જરૂરી ખૂટતાં ચાર્ટ તેમની કક્ષાએથી બનાવી શકાય તેમ જણાતા દરેક જિલ્લા નોડલ પોતાની કક્ષાએથી જરૂરી ચાર્ટ તેમજ જીવંત નમૂના / સંગ્રહિત કરેલા નમૂના તૈયાર કરી તાલુકા કક્ષાના પ્રદર્શનમાં પ્રદર્શિત કરશે. ફાટેલા તેમજ ખરાબ થઈ ગયેલા ચાર્ટ પ્રદર્શન સ્થળે લટકાવવા નહીં. જરૂરી મરામત / સફાઈ જરૂરથી કરવાની અને જરૂર જણાય તો નવા પણ બનાવવા. જેનો ખર્ચ જિલ્લા નોડલ વૈજ્ઞાનિકની કચેરી ખાતે કરવાનો રહેશે. આમ છતાં, ખર્ચ કરી શકાય તેમ ન હોય તો વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદને ભાવ પત્રક મંજુર કરવાની કાર્યવાહી સાથે મોકલી આપવાનું રહેશે. ફ્લેક્સ બેનર ચાર્ટ તૈયાર કરવા માટે આણંદ કૃષિ યુનિવર્સિટીના સંલગ્ન વૈજ્ઞાનિકનું માર્ગદર્શન મેળવીને તૈયાર કરવાનું રહે છે, જેથી તાંત્રિક ક્ષતિ થાય નહીં. તૈયાર કરેલ ચાર્ટની નકલ eei@aau.in ઉપર મોકલી આપવાની રહે છે. તેમજ તેને છપાવતાં પહેલાં ડૉ. મહેશભાઈ પટેલ, પ્રાધ્યાપકશ્રી, એગ્રોનોમી વિભાગ, બં.અ. કૃષિ મહાવિદ્યાલયને (maheshbhai1658@yahoo.co.in) મોકલી મંજૂરી લેવાની રહે છે.

વધુમાં, જે તે જિલ્લાની સ્થાનિક તજજ્ઞતા તેમજ સંશોધન ભલામણો ખેડૂતોને પ્રદર્શન વખતે સમજાવવી. તાલુકા ખાતે કૃષિ મહોત્સવ વખતે પ્રદર્શનને સંભાળવાની તેમજ તેમાં આવતા મુલાકાતીઓને માર્ગદર્શન આપવાની કામગીરી ફાળવવામાં આવેલ તાલુકા નોડલ વૈજ્ઞાનિકોની રહેશે. તાલુકા ખાતેનાં પ્રદર્શન વખતે સંશોધન / ખેતી પધ્ધતિનાં ચાર્ટ મોકાની જગ્યાએ રાખવા અને ત્યાર બાદ શિક્ષણ / પોલિટેકનિકની વિગતો વાળા ચાર્ટ રાખવા.

ઉપરોક્ત ચર્ચા બેઠકમાં કરવામાં આવી તેમજ બેઠકમાં હાજર રહેલ સ્થાનિક જિલ્લા નોડલ વૈજ્ઞાનિક ડૉ. એચ. આર. પટેલનો અભિપ્રાય મેળવેલ. જે સમરૂપ જણાતા ઉપર મુજબની કામગીરી જિલ્લા નોડલ વૈજ્ઞાનિકએ કરવી તેમ ઠરાવવામાં આવ્યું. (અમલ : દરેક જિલ્લા નોડલ વૈજ્ઞાનિકશ્રીઓ)

૨. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી દ્વારા મળેલી સૂચના મુજબ તારીખ ૦૨-૦૧-૨૦૧૬ ના રોજ દેવગઢબારિયા ખાતેથી મેગા ઇવેન્ટ માટે કુલ – ૯૦ સ્ટોલ તૈયાર કરવામાં આવનાર છે. જે પૈકીના ૪૦ સ્ટોલ કૃષિ યુનિવર્સિટીની તજજ્ઞતાઓ પ્રદર્શન કરવાં ઉપયોગ કરવાનો રહે છે. જ્યારે ૨૦ સ્ટોલમાં દાહોદ જિલ્લાનાં જુદા જુદા વિભાગો દ્વારા પ્રદર્શન ગોઠવવાનું રહે છે. આ બાબત નક્કી કરવા માટે જિલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદને આ બેઠકમાં ખાસ આમંત્રણ આપી હાજર રહેવા વિનંતી કરી હતી. જેના અનુસંધાને શ્રી ચારેલ નાયબ ખેતી નિયામક, દાહોદ હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યા મુજબ દાહોદ જિલ્લાને ફાળવેલ ૨૦ સ્ટોલમાં પ્રદર્શન ગોઠવનાર સંસ્થા / વિભાગ ની યાદી તા. ૨૩-૧૨-૨૦૧૫ રોજ નિયામકશ્રી, પ્રસાર શિક્ષણ ભવનને eei@aau.in ઉપર ફાળવણી માટે મોકલી આપશે.

આ સિવાય બાકી રહેલા ૩૦ સ્ટોલમાં અન્ય ખાનગી / સરકારી / સહકારી સંસ્થાઓને સ્ટોલ દીઠ રૂા. ૨૦૦૦ પ્રમાણે ભાડાથી વેચાણ કરી જિલ્લા ખેતીવાડી અધિકારી, દાહોદ દ્વારા આયોજન કરવામાં આવશે. અને તે પેટે થનાર આવક રૂા. ૬૦૦૦૦/- કૃષિ મહોત્સવ પૂર્ણ થયા બાદ આણંદ કૃષિ યુનિવર્સિટીને ગ્રામ્ય પુસ્તકાલયના ખર્ચ માટે મોકલી આપવાના રહેશે.

3. ગુજરાત સરકાર ધ્વારા નક્કી કર્યા મુજબ આણંદ કૃષિ યુનિવર્સિટી વિસ્તારની મેગા ઈવેન્ટ દેવગઢબારિયા ખાતે તારીખ ૦૨-૦૧-૨૦૧૬ ના રોજ યોજવામાં આવનાર છે. જેમાં વિશાળ કૃષિ પ્રદર્શન ગોઠવવાનું રહે છે. જેમાં સામેલ યાદી પરિશિસ્ટ-૧ મુજબ સ્ટોલની ફાળવણી કરવામાં આવેલ છે. દરેક સ્ટોલ ૧૦ ફૂટ લંબાઇ, ૧૦ ફૂટ પહોળાઇ અને ૮ ફૂટ ઉંચાઇ ધરાવે છે. જેમાં ૯ પેનલો હોય છે. જેથી સ્ટોલની સંખ્યા મુજબ પ્રદર્શન સામગ્રી તૈયાર કરવી.

આ કૃષિમેળાનું ઉદ્દઘાટન માન. મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વરદ હસ્તે થનાર છે. આથી, મધ્ય ગુજરાત વિસ્તારને ધ્યાનમાં રાખી સંશોધિત અને પ્રાયોગિક માહિતી ખેડૂત આલમને મળે તે રીતે આધુનિક ખેતીની અદ્યતન માહિતી ચાર્ટ, ચિત્રો, જીવંત નમુના, મોડેલ, સાહિત્ય વગેરે રીતે પ્રદર્શીત કરી ખેડૂતો અને મુલાકાતીઓને સમજાવવાની રહેશે. સદર પ્રદર્શન માટે અગાઉ પ્રદર્શન માટે તૈયાર કરેલા ચાર્ટ વાપરી શકાશે. તજજ્ઞતામાં ફેરફાર જણાય તો નવા ચાર્ટ બનાવવા. આ નવા ચાર્ટ અગાઉ તૈયાર કરેલા ચાર્ટની ડિઝાઇન મુજબ બનાવવા. જેથી એકસૂત્રતા જળવાઈ રહે. નવા ચાર્ટ બનાવવા માટે ભાવ મંગાવવાની કાર્યવાહી કરવામાં આવેલી છે. જેની એજન્સી તા. ૨૩-૧૨-૨૦૧૫નાં રોજ જાહેર કરવામાં આવશે. તેથી ડૉ. સંજય શાહનો સંપર્ક કરવો. **વધુમાં, તા. ૨૪-૧૨-૨૦૧૫ થી તા. ૨૮-૧૨-૨૦૧૫ સુધીમાં નવા ચાર્ટની ડીઝાઇન / છાપકામની કામગીરી પૂર્ણ કરવાનું ઠરાવવામાં આવ્યું. આમ જાહેર રજા દરમ્યાન પણ કામગીરી ચાલુ રાખવી.**

આ અંગેની સપૂર્ણ માહિતી ગુજરાતીમાં હોવી આવશ્યક છે. લખાણ ટૂંકું અને સહેલાઇથી સમજી શકાય તે રીતનું હોવું જરૂરી છે. આ અંગે કોઇ દ્વિધા જણાય તો ડૉ. અરૂણ પટેલ (૯૯૭૪૪૨૧૧૨૪) નિયામકશ્રી, પ્ર. શિ. ભ., આકૃયું, આણંદ અને ડો. સંજય શાહ (૦૮૫૧૧૧૮૬૬૮૧), સહ પ્રાદ્યાપક, એગ્રોનીમી વિભાગ, બં.અ.કૃ.મ, આકૃયુ, આણંદનો સંપર્ક

કરવાનો રહેશે. ફાળવવામાં આવેલ સ્ટોલમાં માહિતી પુરી પાડવા ઉપસ્થિત રહેનાર બે અધિકારી / કર્મચારીનાં નામ પ્રસાર શિક્ષણ ભવન, eei@aau.in ઉપર મોકલવા.

૪. પ્રદર્શન ખાતે થીમ પેવેલિયન તૈયાર કરવા માટે સંશોધન નિયામકશ્રી સાથે ચર્ચા કરી પરિશિસ્ટ-૨ મુજબના ૪૩ ચાર્ટ પ્રદર્શિત કરવાના રહે છે જેમાથી અગાઉ તૈયાર કરેલ ચાર્ટ ઉપયોગમાં લેવાય તેમ હોય તો તે વાપરી શકાશે. અન્યથા નવા ચાર્ટ તૈયાર કરવાના રહે છે. જે માટે પણ પ્રસાર શિક્ષણ ભવન ખાતેથી ભાવ મંગાવવામાં આવેલ છે. જેની એજન્સી તા. ૨૩-૧૨-૨૦૧૫નાં રોજ જાહેર કરવામાં આવશે. તેથી ડૉ. સંજય શાહનો સંપર્ક કરવો. **વધુમાં, તા. ૨૪-૧૨-૨૦૧૫ થી તા. ૨૮-૧૨-૨૦૧૫ સુધીમાં નવા ચાર્ટની ડીઝાઇન / છાપકામની કામગીરી પૂર્ણ કરવાનું ઠરાવવામાં આવ્યું. આમ જાહેર રજા દરમ્યાન પણ કામગીરી ચાલુ રાખવી.**

નવા તૈયાર કરવાના ચાર્ટની નકલ eei@aau.in ઉપર મોકલી આપવાની રહે છે. તેમજ તેને છપાવતાં પહેલાં ડૉ. મહેશભાઈ પટેલ, પ્રાધ્યાપકશ્રી, એગ્રોનોમી વિભાગ, બં.અ. કૃષિ મહાવિદ્યાલયને (maheshbhai1658@yahoo.co.in) મોકલી મંજૂરી લેવાની રહે છે.

૫. ગુજરાત સરકારમાં તારીખ ૧૮ ડિસેમ્બર ૨૦૧૫ નાં પત્રમાં જણાવ્યા મુજબ નીચેની ત્રણ બાબતો ઉપર ધ્યાન આપી જે તે વૈજ્ઞાનિકોએ પ્રદર્શન વખતે યોગ્ય પગલાં લેવાનું નક્કી કરવામાં આવ્યું.

૧. મેગા ઇવેન્ટના સ્થળે જુદા જુદા ખાતાના સ્ટોલ તૈયાર કરી તેમાં કૃષિ વિષયક જરૂરી સાહિત્ય વિતરણ માટે પૂરતી સંખ્યામાં મૂકવાનું રહેશે.

૨. મેગા ઇવેન્ટના સ્થળે કોઈ મશીનરીનું ડેમો કરવાનું હોય કે પ્રેઝન્ટેશન બતાવવાનું હોય તો તે અંગે ટેકનિકલ સ્ટાફ સહિતની આગોતરી તમામ વ્યવસ્થા કરવાની રહેશે.

૩. મેગા ઇવેન્ટના દિવસે સરકારશ્રીના અન્ય વિભાગોની ખાતા વિષયક કામગીરી પ્રદર્શિત થાય તે માટે, જે તે કચેરીના અધિકારીઓના સંકલનમાં રહી કાર્યવાહી કરવાની રહેશે.

જેમાં **દરેક સ્ટોલ ઉપરથી ખેડૂતોને જુદી જુદી તજજ્ઞતાનું ટુંકું સાહિત્ય અચૂક પણે વહેચવાનું રહે છે. તેથી દરેક સ્ટોલના વિભાગોએ સાહિત્ય તૈયાર કરવું અને ખેડૂતોને વહેચવું.** જરૂર જણાય તો વિસ્તરણ શિક્ષણ નિયામક દ્વારા નક્કી કરવામાં આવેલી યુનિવર્સિટી પ્રેસ પેનલના પ્રેસ પાસે છાપકામ કરાવી શકાય. તેનો ખર્ચ જે તે વિભાગે કરવાનો રહે છે.

દરેક સ્ટોલ દ્વારા વહેચવામાં આવનાર સાહિત્યની એક નકલ eei@aau.in ઉપર નિયામકશ્રી, પ્રસાર શિક્ષણ ભવનને મોકલવાની રહે છે.

૬. સરકારશ્રી તરફથી કૃષિ પ્રદર્શનમાં નીચેની બાબતો ઉપર ભાર મૂકવામાં આવ્યો છે તેથી તે તજજ્ઞતાઓ પ્રદર્શિત થાય તેમજ તે અંગે ખેડૂત સમુદાયને માર્ગદર્શન આપવાનું રહે છે. આથી સંલગ્ન વૈજ્ઞાનિકોએ તેનું ધ્યાન રાખી પ્રદર્શનનું આયોજન કરવું.

**કૃષિ પ્રદર્શનમાં ભાર આપવાની બાબતો**

- કૃષિ, બાગાયત, પશુપાલન, ડેરી, મત્સ્યપાલન અંગેના સ્ટોલ
- કૃષિ પ્રદર્શનમાં જ  કૃષિ તજજ્ઞો સાથે માર્ગદર્શન
- જમીન-પાણી, પૃથક્કરણ, રસાયણિક ખાતરો, જંતુનાશક, રોગનાશક દવાઓના વપરાશ અંગે માર્ગદર્શન
- બાયોટેકનોલોજી અને પેશી સંવર્ધન અંગે પ્રદર્શન
- ગ્રીનહાઉસ, નેટહાઉસ, ડ્રીપ પદ્ધતિ, મલ્ચિંગ, જળ અને જમીન સંરક્ષણ અંગે માર્ગદર્શન
- આધુનિક કૃષિ ઓજારો અને મશીનરી, ટ્રેકટર, થ્રેશર, ઓઇલ / ડીઝલ એન્જિન તેમજ પાક સંરક્ષણના સાધનો
- કુદરતી ખાતરો, વનસ્પતિજન્ય જંતુ અને રોગ પ્રતિરોધક જૈવિક દવાઓ અંગે માર્ગદર્શન
- સજીવ ખેતી તેમજ ઘનિષ્ઠ ખેતી પદ્ધતિમાં લીલો પડવાશ, સેન્દ્રિય ખાતર, કમ્પોસ્ટ, વર્મિકમ્પોસ્ટ, અખાદ્ય ખોળ, બાયોફર્ટિલાઈઝર, બાયોકંટ્રોલ, સંકલિત જૈવ પોષણ પદ્ધતિના પ્રદર્શનો
- પશુપાલન, પશુપોષણ, ઘાસચારાની વિવિધ જાતો, પૂરક આહાર વગેરેના સ્થળ પર માહિતી મેળવવાની અમૂલ્ય તક
- સરકારી, સહકારી, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ ખાનગી કંપનીના પ્રદર્શન સ્ટોલ ઉપરથી સીધું માર્ગદર્શન
- યુનિવર્સિટી / સંશોધન કેન્દ્ર /કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તાંત્રિક માર્ગદર્શનથી સફળ થયેલા ખેડૂતો સાથે વાર્તાલાપ

૭. દેવગઢબારિયાની મેગા ઇવેન્ટ વખતે LED TV ડોમમાં ગોઠવવામાં આવશે તેથી તેમાં લગાડી શકાય તેવી વીડિયો ફિલ્મ પ્રદર્શન વખતે વૈજ્ઞાનિકોએ સાથે લાવવી તેમજ તે અંગેની જાણ eei@aau.in ઉપર નિયામકશ્રી, પ્રસાર શિક્ષણ ભવનને કરવી તેથી LED TV ની વ્યવસ્થા કરી શકાય.

૮. દેવગઢબારિયા ખાતેના પ્રદર્શન વખતે દરેક સ્ટોલમાં ૨ નંગ ટેબલ ફાળવવામાં આવેલા છે. તેથી વધારાના ટેબલની જરૂરિયાત જણાય તો eei@aau.in ઉપર તા. ૩૦-૧૨-૨૦૧૫ સુધીમાં નિયામકશ્રી, પ્રસાર શિક્ષણ ભવનને જણાવવાનું રહેશે.

૯. પ્રદર્શન માટે તા. ૦૧-૦૧-૨૦૧૬ ના રોજ દેવગઢબારિયા ખાતે જીવંત/ સંગ્રહિત નમૂના, ચાર્ટ વગેરે સામગ્રી લઈ જવા માટે ડૉ. જે.પી. પ્રજાપતિ, પ્રાધ્યાપક અને વડા, ડેરી સાયન્સ કોલેજનો સંપર્ક કરવાનો રહેશે. તેઓશ્રી ડૉ. આર. જે. મોદી, મદદનીશ પ્રાધ્યાપક, વેટરનરી સાયન્સ કોલેજ અને શ્રીકનકસિંહ વાળા, મદદનીશ પ્રાધ્યાપક,  ફૂડ પ્રોસેસિંગ કોલેજની મદદથી જરૂરી ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા કરી સમગ્ર કામગીરી સંભાળશે.

૧૦. આ બાબત અન્ય કોઈ પણ સ્પષ્ટતાની જરૂર પડે તો ડૉ. અરુણ પટેલ, નિયામકશ્રી, પ્રસાર શિક્ષણ ભવન, આકૃયુ, આણંદ નો સંપર્ક કરી શકાશે.

ઉપરોક્ત બેઠકમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા.

| નં. | નામ | હોદ્દો | કાર્યભાર | મોબાઇલ |
|---|---|---|---|---|
| ૧ | ડૉ.અરૂણ પટેલ | નિયામક, પ્રસાર શિક્ષણ ભવન, આ.કૃ.યુ., આણંદ | અધ્યક્ષ | ૯૯૭૪૪૨૧૧૨૪ |
| ૨ | ડૉ.એમ.વી.પટેલ | પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી, બી.એ.સી.એ. આ.કૃ.યુ., આણંદ | સભ્ય | ૯૭૩૭૦૭૧૮૪૮ |
| ૩ | ડૉ.એન.એમ.શાહ | પ્રાધ્યાપક અને વડા, બાગાયત, બી.એ.સી.એ. આ.કૃ.યુ. આણંદ | સભ્ય | ૯૮૯૮૨૮૨૨૪૬ |
| ૪ | પ્રો.એ.જી.સુખડીયા | મદદ. પ્રાધ્યાપક, પ્રસાર શિક્ષણ ભવન, આ.કૃ.યુ., આણંદ | સભ્ય | ૯૪૦૮૨૨૯૮૨૪ |
| ૫ | શ્રી.રજની પટેલ | મદદ.પ્રાધ્યાપક. સંશોધન નિયામકની કચેરી, આ.કૃ.યુ. આણંદ | સભ્ય | ૯૯૨૫૦૪૬૧૦૯ |
| ૬ | ડૉ.જે.પી.પ્રજાપતિ | પ્રાધ્યાપક અને વડા. ડેરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ આણંદ | સભ્ય | ૯૯૦૪૯૧૭૫૭૮ |
| ૭ | ડૉ.આર.જે.મોદી | મદદ. પ્રાધ્યાપક, વેટરનરી સાયન્સ કોલેજ, આ.કૃ.યુ., આણંદ | સભ્ય | ૯૪૨૭૫૬૦૦૮૫ |
| ૮ | ડૉ. કનકસિંહ વાળા | મદદ પ્રાધ્યાપક, ફૂડ પ્રોસેસીંગ કોલેજ, આ.કૃ.યુ., આણંદ | સભ્ય | ૯૬૦૧૨૭૭૯૩૫ |
| ૯ | ડૉ. સંજય શાહ | સહ પ્રાધ્યાપક, એગ્રોનોમી વિભાગ, બી.એ.સી.એ., આ.કૃ.યુ., આણંદ | સભ્ય સચિવ | ૮૫૧૧૧૮૬૬૮૧ |
| ૧૦ | શ્રી.એચ.આર.પટેલ | પ્રો.અને હેડ, બી.ટી.આર.એસ. આ.કૃ.યુ., આણંદ | જીલ્લા નોડલ અધિકારી | ૯૮૨૫૬૯૨૯૯૯ |

અંતમાં ડૉ. અરુણ પટેલે તમામ સભ્યોનો આભાર વ્યક્ત કરી બેઠક પૂર્ણ કરી.

નિયામક
પ્રસાર શિક્ષણ ભવન,
આકૃયુ, આણંદ

જા.નં.આ.કૃ.યુ./ઇઇઆઈ/ કૃ.મ. ૨૦૧૫ /૪૬૦૪/ ૧૫
તા.૨૨/૧૨/૨૦૧૫

<u>નકલ સવિનય રવાના:</u>

૧. ડૉ. પી. પી. પટેલ, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, આકૃયુ, આણંદ
૨. જિલ્લા આયોજન અધિકારીશ્રી, દાહોદ
૩. જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, દાહોદ તરફ જાણ સારું તથા જરૂરી પગલાં લેવા માટે
૪. તમામ જિલ્લા નોડલ વૈજ્ઞાનિકશ્રીઓ
૫. પ્રદર્શન સમિતિના તમામ સભ્યશ્રીઓ તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી કરવા સારૂં.
૬. મેગા ઇવેન્ટમાં સ્ટોલ ફાળવવામા આવેલ સર્વ વિભાગો તરફ જાણ તેમજ જરૂરી પગલાં લેવા માટે
૭. મેગા ઇવેન્ટમાં થીમ પેવેલીયન માટે નક્કી કરેલા ચાર્ટનાં વિભાગો તરફ જાણ તેમજ જરૂરી પગલાં લેવા સારૂં.

# પરિશિસ્ટ-૧

# રવિ કૃષિ મહોત્સવ-૨૦૧૬, દેવગઢ બારીયા ખાતેની

# મેગા ઇવેન્ટમાં વિભાગ/યુનિટ મુજબ ફાળવવામાં આવનાર સ્ટોલ

**કૃષિ મહોત્સવ-૨૦૧૬ : તારીખ: ૦૨/૦૧/૨૦૧૬**

| અ. નં. | વિભાગ/યુનિટનુ નામ | સ્ટોલની સંખ્યા |
|---|---|---|
| ૧ | **થીમ પેવેલિયન** | ૮ |
| ૨ | સંશોધન વૈજ્ઞાનિક (મકાઇ), મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ, ગોધરા | ૧ |
| ૩ | સંશોધન વૈજ્ઞાનિક (ચોખા), મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આકૃયુ, નવાગામ | ૧ |
| ૪ | સંશોધન વૈજ્ઞાનિક (શાકભાજી), મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ | ૧ |
| ૫ | સંશોધન વૈજ્ઞાનિક (ઘાસચારા), મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ | ૧ |
| ૬ | સંશોધન વૈજ્ઞાનિક, કઠોળ સંશોધન કેન્દ્ર, મોડેલ ફાર્મ, આકૃયુ, વડોદરા | ૧ |
| ૭ | સંશોધન વૈજ્ઞાનિક, ઔષધિય અને સુગંધિત પાક સંશોધન યોજના, આકૃયુ, આણંદ | ૧ |
| ૮ | પ્રાધ્યાપક અને વડા, બાગાયત વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ | ૧ |
| ૯ | તંત્રીશ્રી, કૃષિગોવિદ્યા, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૦ | સહ સંશોધન વૈજ્ઞાનિક, હલકા ધાન્ય સંશોધન કેન્દ્ર, દાહોદ અને પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દાહોદ | ૧ |
| ૧૧ | પ્રાધ્યાપક અને વડા, કીટકશાસ્ત્ર વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૨ | પ્રાધ્યાપક અને વડા, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૩ | પ્રાધ્યાપક અને વડા, કૃમિશાસ્ત્ર વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૪ | રેસીડ્યુ એનાલીસ્ટ, પેસ્ટીસાઇડ રેસીડ્યુ, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૫ | સંશોધન વૈજ્ઞાનિક, બાયોલોજીકલ કન્ટ્રોલ યોજના, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૬ | એગ્રોનોમીસ્ટ, નીંદણ નિયંત્રણ યોજના, બીએસીએ, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૭ | પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, બીએસીએ, આકૃયુ, આણંદ (વર્મીકંમ્પોસ્ટ પ્રદર્શન ) | ૧ |
| ૧૮ | સંશોધન વૈજ્ઞાનિક, બાયોફર્ટીલાઈઝર યોજના, આકૃયુ, આણંદ | ૧ |
| ૧૯ | સંશોધન વૈજ્ઞાનિક, સૂક્ષ્મતત્વ યોજના, આકૃયુ, આણંદ | ૧ |
| ૨૦ | સંશોધન વૈજ્ઞાનિક, બાયોટેકનોલોજી, આકૃયુ, આણંદ (એનીમલ, પ્લાંટ, ડેરી) | ૧ |
| ૨૧ | પ્રાધ્યાપક અને વડા, ટીસ્યુકલ્ચર વિભાગ, આકૃયુ, આણંદ | ૧ |
| ૨૨ | રજીસ્ટ્રારશ્રી, આકૃયુ, આણંદ, આકૃયુની શૈક્ષણિક અભ્યાસક્રમોની માહિતી | ૧ |
| ૨૩ | અનુભવ સીડ, વિભાગીય સંશોધન કેંદ્ર, આણંદ | ૧ |
| ૨૪ | સહ સંશોધન વૈજ્ઞાનિક, મહિલા તાલીમ કેન્દ્ર તથા મશરૂમ અને સોયાબીન સંશોધન કેન્દ્ર, દેવગઢ બારિયા | ૧ |
| ૨૫ | પ્રાધ્યાપક અને વડા, અનુભવ ડેરી, ડેરી સાયંસ કોલેજ, આકૃયુ, આણંદ | ૧ |
| ૨૬ | આચાર્ય અને ડીન, એફપીટી અને બીઇ, આકૃયુ, આણંદ | ૧ |
| ૨૭ | આચાર્ય, પોલિટેકનિક ઈન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઈકોનોમિક્સ તથા બેકરીશાળા, આકૃયુ, આણંદ | ૧ |
| ૨૮ | આચાર્ય, કૃષિ ઈજનેરી કોલેજ, આકૃયુ, ગોધરા | ૧ |
| ૨૯ | આચાર્યશ્રી, વેટેનરી કોલેજ, આકૃયુ, આણંદ (એનિમલ ન્યુટ્રીશન, એનિમલ પ્રોડકશન, રોગ અને પરોપજીવી, પોલ્ટ્રી, ગાયનેક સર્જરી અને મેડિસિન, બકરા પાલન) | ૪ |

# પરિશિસ્ટ-૨

## મેગા ઇવેન્ટ – થીમ ડોમમાં પ્રદર્શિત કરવાના ચાર્ટ, રવી ૨૦૧૫, દેવગઢ બારીયા

| અનુ નં. | ચાર્ટનું નામ / વિગત | વિભાગનું નામ |
|---|---|---|
| ૧. | ગુજરાત આણંદ પીળી હાઇબ્રીડ મકાઇ-૧(GAYMH-1) (કુપોષણ સામે લડત આપતી જાત) | મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ, ગોધરા |
| ૨. | ગુજરાત આણંદ સફેદ હાઇબ્રીડ મકાઇ-૨(GAWMH-2)(કુપોષણ સામે લડત આપતી જાત) | મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ, ગોધરા |
| ૩. | મૂલ્યવર્ધિત મકાઇની જાતો | મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આકૃયુ, ગોધરા |
| ૪. | મહિસાગર (રોપાણ ડાંગર) | મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર, આકૃયુ, નવાગામ |
| ૫. | મગની વિષાણુજન્ય પંચરંગીયા રોગ સામે પ્રતિકારકશક્તિ ધરાવતી નવી જાત- વીએમએસ -૬ જી.એ.એમ. ૫ | કઠોળ સંશોધન કેન્દ્ર, આકૃયુ, વડોદરા |
| ૬. | રીંગણની નવી જાતો | મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ |
| ૭. | લસણ પાકની ખેતી પ્ધ્ધતિ | મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ |
| ૮. | ઘાસચારા જુવારની જાત : સીઓએફએસ-૨૯ | મુખ્ય ઘાસચારા સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ |
| ૯. | ગુણવત્તા અને વિશ્વનિયતાનું પ્રતિક 'અનુભવ સીડ' | વિભાગીય સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ |
| ૧૦. | અનુભવ બાયો એનપીકે: પ્રવાહી જૈવિક ખાતર અને રોગ નિયંત્રક | માઇક્રોબાયોલોજી વિભાગ, આકૃયુ, આણંદ |
| ૧૧. | સફળ વાર્તા:અનુભવ પ્રવાહી જૈવિક ખાતર,આદિવાસી વિસ્તારમાં નિદર્શનો | માઇક્રોબાયોલોજી વિભાગ, આકૃયુ, આણંદ |
| ૧૨. | વર્મિ કોમ્પોસ્ટ : સજીવ ખેતી | એગ્રોનોમી વિભાગ, આકૃયુ, આણંદ |
| ૧૩. | પાક રોગ નિયંત્રણ મા ટ્રાયકોડર્મા ની અગત્યતા અને ફાયદાઓ | વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ,બં.અ.કૃષિમહાવિદ્યાલય,આકૃયુ, આણંદ |
| ૧૪. | કપાસમાં ગુલાબી ઇયળનો ઉપદ્રવ અને સંકલિત નિયંત્રણ વ્યવસ્થાપન | એંટોમોલોજી વિભાગ, આકૃયુ, આણંદ |
| ૧૫. | બર્ડ રીપેલર | ઓર્નિથોલોજી વિભાગ, આકૃયુ, આણંદ |
| ૧૬. | ગુજરાતમાં ખારેક/પરવળ/કંકોડામાં પેશી-સંવર્ધનની ઉપયોગીતા | પેશી સંવર્ધન પ્રયોગશાળા, આકૃયુ, આણંદ |
| ૧૭. | જમીનમાં સૂક્ષ્મતત્વોની ઉણપથી કૃષિ ઉત્પાદન તથા માનવ સ્વાસ્થ્ય પર અસર | માઇક્રોન્યુટ્રીયન્ટ રીસર્ચ પ્રોજેક્ટ, આકૃયુ, આણંદ |
| ૧૮. | દાહોદ જીલ્લાની જમીનમા જસતની ઉણપ અને ભલામણ | માઇક્રોન્યુટ્રીયન્ટ રીસર્ચ પ્રોજેક્ટ, આકૃયુ, આણંદ |
| ૧૯. | આર્યન ફોર્ટીફાઇડ લસ્સી | ડેરી સાયન્સ કોલેજ, આકૃયુ, આણંદ |
| ૨૦. | સરગવો : દહિ + બિસ્કીટ | ડેરી સાયન્સ કોલેજ, આકૃયુ, આણંદ |
| ૨૧. | દુધીનો રસ બનાવવાની પધ્ધતિ | એફ પી ટી એન્ડ બી ઇ કોલેજ, આકૃયુ, આણંદ |
| ૨૨. | કોળુ- બાયોફોર્ટીફાઇડ આહાર | એફ પી ટી એન્ડ બી ઇ કોલેજ, આકૃયુ, આણંદ |
| ૨૩. | આદિવાસી વિસ્તારમાં બાળકોનું પોષણસ્તર સુધારવુ | આદિવાસી મહિલા તાલીમ વ સંશોધન કેન્દ્ર,આકૃયુ,દેવગઢબારિયા |
| ૨૪. | આહારના પોષકતત્વો | પોલીટેકનિક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમીકસ, આકૃયુ, આણંદ |
| ૨૫. | રાગી બિસ્કીટ | પોલીટેકનિક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમીકસ, આકૃયુ, આણંદ |
| ૨૬. | હેલ્થ બાર સમતોલ બેકરી વાનગી : | પોલીટેકનિક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમીકસ, આકૃયુ, આણંદ |
| ૨૭. | પ્રોટીનસભર બિસ્કિટ | પોલીટેકનિક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમીકસ, આકૃયુ, આણંદ |
| ૨૮. | પૌષ્ટિક બિસ્કિટ | પોલીટેકનિક ઇન ફૂડ સાયન્સ એન્ડ હોમ ઇકોનોમીકસ, આકૃયુ, આણંદ |
| ૨૯. | બેકયાડ પોલ્ટ્રી | મરઘાં સંકુલ, વેટરનરી કોલેજ, આણંદ |
| ૩૦. | 'અનુભવ' ચિલેટેડ મિનરલ મિક્ષ્ચર | વેટેરીનરી કોલેજ, આકૃયુ, આણંદ |
| ૩૧. | ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર | ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર |
| ૩૨. | પશુ વિજ્ઞાન કેન્દ્રલીમખેડા , | પશુ વિજ્ઞાન કેન્દ્રલીમખેડા ,દેવગઢ બારીયા |
| ૩૩. | આદિવાસી વિસ્તારમાં વ્યવસાયલક્ષી તાલીમ કાર્યક્રમો | ટી.આર.ટી.સી., દેવગઢ બારીયા |
| ૩૪. | મશરુમ | ટી.આર.ટી.સી., દેવગઢ બારીયા |
| ૩૫. | સફળ વાર્તા : મશરુમ | ટી.આર.ટી.સી., દેવગઢ બારીયા |

| | | |
|---|---|---|
| ૩૬. | સફળ વાર્તા | ટી.આર.ટી.સી., દેવગઢ બારીયા |
| ૩૭. | સફળ વાર્તા | ટી.આર.ટી.સી., દેવગઢ બારીયા |
| ૩૮. | સફળ વાર્તા | ટી.આર.ટી.સી., દેવગઢ બારીયા |
| ૩૯. | સફળ વાર્તા | પશુ વિજ્ઞાન કેન્દ્ર, દેવગઢ બારીયા |
| ૪૦. | સફળ વાર્તા | પશુ વિજ્ઞાન કેન્દ્ર, દેવગઢ બારીયા |
| ૪૧. | સફળ વાર્તા | કેવીકે, દાહોદ |
| ૪૨. | સફળ વાર્તા | કેવીકે, દાહોદ |
| ૪૩. | સફળ વાર્તા | કેવીકે, દાહોદ |